ગ્રાહક તકરાર નિવારણફોરમ,ભુજ
પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ
પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ સામે, ભુજ
ફોન: ૦૨૮૩૨-૨૫૩૫૫૦ ફેક્સ: ૦૨૮૩૨-૨૫૦૦૪૮
E-Mail- forumbhuj.pgvcl@gebmail.com


નં કેસી/સીજીઆરએફ/૨૦૧૮/ ૬૧ તારીખ: ૨૮/૦૨/૨૦

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No.PG-004-008-2017-18.**

અરજદાર: શ્રી સવાભાઇ રામાભાઈ વરચંદ
ગામ ચોબારી તા: ભચાઉ જી. કચ્છ

રજૂઆત કરનાર: શ્રી સવાભાઇ રામાભાઈ વરચંદ ના પ્રતિનિધિ શ્રી ભરતભાઈ સવાભાઇ વરચંદ
ગામ ચોબારી તા: ભચાઉ જી. કચ્છ

## ::વિરુધ્ધ::

સામાવાળા: કાર્યપાલક ઇજનેરશ્રી,પીજીવીસીએલ, વિભાગીય કચેરી, ભચાઉ
રજૂઆત કરનાર: ૧) શ્રી જે વાય રાવ , કા.ઇ. પીજીવીસીએલ, વિભાગીય કચેરી, ભચાઉ
૨) શ્રી એ બી પ્રજાપતિ,ના.ઈ. પીજીવીસીએલ,પેટા વિભાગીય કચેરી, ભચાઉ

## ::ફોરમ::

૧) શ્રી જે.બી. પારેખ, ચેરપર્સન
૨) શ્રીમતી એન એચ જોષી, સ્વતંત્ર મેમ્બર

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ. હોલ, પીજીવીસીએલ..વર્તુળ કચેરી, ભુજ.
તારીખ: ૦૯.૦૨.૨૦૧૮

## ::અરજદારની રજૂઆત::

૧. અરજદાર શ્રી સવાભાઇ રામાભાઈ વરચંદ વીજ મીટર તથા વીજ ટ્રાન્સફર ન હોવા છતાં વીજ બીલ આપવા બાબતની ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

સદર કેસની વિગત નીચે મુજબ છે.

૨.૧ અરજદાર શ્રી સવાભાઇ રામભાઈ વરચંદ સર્વે નં.૨૪૬/પૈકી માં તારીખ૧૩/૧૧/૨૦૦૬ ના 5 હોપા મંજુર થયેલ ત્યારબાદ ૧૧/03/૨૦૧૧થી ગ્રાહક 38549/00984/9 વાળા ૪૦ હોપા ના વીજ જોડાણ મંજુર થયેલ પરંતુ મીટર તથા ટ્રાન્સફોર્મર આપવામાં આવેલ ન હતા.

૨.૨ તેઓને વર્ષ ૨૦૧૩ માં લોડ વધારો કરતા ૭૦ હો.પા કરી આપવામાં આવેલ પરંતુ મીટર તથા ટ્રાન્સફોર્મર આપવામાં આવેલ ન હતા તેમ છતાં તેઓના દ્વારા વીજ બિલ ભરપાઈ કરવામાં આવતા હતા.

૨.3 તેમને પાઠવવામાં આવેલ વિજ બિલ રૂ.૧,૮૦,૦૦૦/- ખોટા આપવામાં આવેલ છે તે સુધારવા તેમજ મીટર તથા ટ્રાન્સફોર્મર લગાડવા રજૂઆત કરવામાં આવેલ છે.

3. અરજદારને સીજીઆરએફ તારીખ ૦૯ .૦૨.૧૮ ના હાજર રહેવા જણાવવામાં આવેલ છે. જેમાં તેઓના પ્રતિનિધિ રૂબરૂમાં હાજર રહેલ છે.

## :: પીજીવીસીએલની રજુઆત::

૪. સુનાવણી સમયે સામાવાળા શ્રી જે વાય રાવ , કા.ઇ. પીજીવીસીએલ, વિભાગીય કચેરી, ભચાઉ તથા શ્રી એ બી પ્રજાપતિ,ના.ઈ. પીજીવીસીએલ,પેટા વિભાગીય કચેરી, ભચાઉ રૂબરૂમાં હાજર રહેલ અને જણાવેલ કે,

૪.૧ અરજદાર શ્રી સવાભાઇ રામભાઈ વરચંદ એ વર્ષ ૨૦૧૧માં ૫ હો.પા. થી ૪૦ હો.પા. કરાવેલ જેની સર્વે કેટેગ્રરી એ હોવાથી અલગથી ટ્રાન્સફોર્મર લગાડવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી તથા માંગેલ સર્વે નંબર ૨૪૬ પૈકીમાં મીટર લાગેલ છે.

૪.૨ અરજદાર શ્રી સવાભાઇ રામભાઈ વરચંદ એ વર્ષ ૨૦૧૩ માં ૪૦ હો.પા. થી ૭૦ હો.પા. કરાવેલ જેની સર્વે કેટેગરી ડી છે તથા માંગેલ સર્વે નંબર ૨૪૬ પૈકીમાં મીટર લાગેલ છે.

૪.3 ગ્રાહકશ્રી ના બીલમાં મીટર ફોલ્ટી હોવાથી એવરેજ બીલ આપવામાં આવેલ છે જે ભરવાપાત્ર છે.

::હુકમ::

૫. સુનાવણી સમયે રજૂઆત કરનારની તેમજ સામાવાળા ની રજૂઆત તેમજ રજુ કરેલ દસ્તાવેજી પુરાવા ના આધારે નીચે મુજબ નાં તારણ પર આવી શકાય

૫.૧ અરજદાર દ્વારા સર્વે નં ૨૪૬ પૈકીમાં ઓરીજીનલી ૫ હો.પા.નું કનેક્શન માંગવામાં આવેલ.ઉતરોતર આ કનેક્શનમાં ૦૫ હો.પા. માં ૩૫ હો.પા.નો લોડ વધારો માંગીને અરજદાર દ્વારા ૪૦ હો.પા.નો કરવામાં આવેલ ત્યારબાદ ૪૦ હો.પા.માં ૩૦ હો.પા.નો વધારો કરાવીને જેતે સમયે ૭૦ હો.પા.નો કનેક્શન કરવામાં આવેલ છે.

૫.૨ અરજદારનું મીટર બળી ગયેલ હોવાથી અરજદારને આજ સુધી નિયમ મુજબ એવરેજ બીલ આપવામાં આવેલ છે.ગ્રાહક દ્વારા આ બીલ માફ કરવા માટે અરજી કરવામાં આવેલ છે.નિયમ મુજબ ફોલ્ટી બીલ માફ કરી શકાય નહિ,આ સંજોગોમાં પીજીવીસીએલ દ્વારા આપવામાં આવેલ એવરેજ બીલ નિયમ મુજબ આપવામાં આવેલ છે.જો ગ્રાહક દ્વારા આ એરિયર્સ વાળું એવરેજ બીલ ભરપાઈ કરવામાં આવ્યા બાદ પીજીવીસી એલ દ્વારા સર્વે નં ૨૪૬ પૈકીમાં નિયમ મુજબ યોગ્ય ક્ષમતાનું ટ્રાન્સફોર્મર તેમજ મીટર મૂકી આપવાનો હુકમ કરવામાં આવે છે.

૫.૩ ગ્રાહકને આપવામાં આવેલ આ એનર્જી બીલ ભરપાઈ કાર્ય બાદ ગ્રાહક નિયમ મુજબ જરૂરી હોય તો અન્ય સર્વે નં માં શીફટીંગ માટે પી જી વી સી એલના નિયમ મુજબ અરજી કરી શકે છે.જો ગ્રાહક દ્વારા બાકી રહેતું એરિયર્સ બીલ ભરપાઈ કરવામાં આવે તેમજ શીફ્ટીગ માટેની કાયદેસરની મંજુરી મેળવીને એસ્ટીમેટ ભરવામાં આવશે તો તેમનું કનેક્શન શિફ્ટ કરવા પી.જી વી સી એલને જણાવવામાં આવે છે.આથી ફરિયાદીની અરજીનો નિકાલ કરવામાં આવે છે.

૬. આથી આ મુજબ હુકમ કરવામાં આવે છે.

Joshi Nitin N.
એન એચ જોષી
સ્વતંત્ર મેમ્બર

જે.બી. પારેખ
ચેરપર્સન

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન 30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિસામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય. તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) **લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. 3, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯**